May 2018

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 12 • Issue 7 / 135
• Mumbai • Page 16 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

મંડળની વિવિધ સમિતિઓ ફરી પાછી કાર્યરત થઈ ગઈ છે. શિક્ષણ, મેડિકલ અને સમાજ ઉત્કર્ષ સમિતિઓ આગામી ત્રણ વર્ષ માટે નવી 'ગાઈડ લાઈન (માર્ગદર્શિકાઓ)' તૈયાર કરવાની શરૂઆત કરી રહી છે.

આ વખતે અનેક સમિતિઓમાં યુવાનોનો સમાવેશ કરવામાં આવેલ છે. નવા સભ્યો, નવા વિચારો સાથે જોડાયા છે, આનાથી મંડળની કાર્યપદ્ધતિમાં પણ ફેરફાર થયેલો જોવા મળશે. આપણા સામાજિક જીવનમાં પણ છેલ્લા થોડા વર્ષમાં ઘણા બધા ફેરફાર આવ્યા છે. કોમ્પ્યુટર - ઈન્ટરનેટના આગમનથી આપણા રોજીંદા જીવનની કાર્યપદ્ધતિમાં પણ અનેક ફેરફાર આવ્યા છે.

નિષ્ણાંતોના મત પ્રમાણે આગામી દાયકામાં દરેકના જીવનમાં ધરમૂળ પરિવર્તન આવશે. Artificial Inteligence થી Banking માં ક્લેરીકલ કામમાં તેમજ Service Industries માં અનેક પરિવર્તન જોવા મળશે. આપણી શિક્ષણ પદ્ધતિમાં પણ અમૂલ પરિવર્તનની આવશ્યકતા છે.

**શ્રી પાટણ જૈન મંડળની સમાજ ઉત્કર્ષ સમિતિએ ભાયંદર ખાતે તા. ૧૦-૦૬-૨૦૧૮ને રવિવારે,** આપણા પરિવારો માટે ભવિષ્યમાં વધતા જતાં ખર્ચને પહોંચી વળવા માટેની ઉપયોગી વિચારણા કરવા સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મર્યાદિત સંખ્યામાં જ સભ્યોને આમંત્રણથી બોલાવવામાં આવ્યા છે. બોરીવલીથી વિરારની વચ્ચે રહેલા ૨૦ થી ૫૦ વર્ષના ભાઈઓ-બહેનો આમાં ભાગ લઈ શકશે. પાટણ સમાજના યુવક-યુવતીઓને મારી અપીલ છે કે, ભવિષ્યમાં આર્થિક પડકારોને સમજવા અને ચર્ચા વિચારણા કરવા આ સેમીનારમાં આપ સૌ ચોક્કસ આવશો.

અદ્યતન ટેક્નોલોજીને લીધે અનેક નોકરી ધંધાની કાર્યવાહીમાં પરિવર્તન આવી રહ્યા છે. આપણા સમાજના યુવાનોએ આ માટે કટિબદ્ધ થવાની જરૂર છે.

નોકરી અને ઉદ્યોગધંધામાં આવતા ફેરફારોથી શિક્ષિત વ્યક્તિઓ બદલાયેલી પરિસ્થિતિને અનુરૂપ અભિગમ બદલાવી શકે છે. ભવિષ્યમાં અશિક્ષિત વ્યક્તિઓને પરિસ્થિતિ અનુરૂપ થવામાં બહું જ મુશ્કેલી

## *From President's Desk...*

Most of the Committees of Patan Jain Mandal's have taken the charge and become active. The Education, Medical and Social upliftment committees have started preparation to set new guidelines for the coming three years.

Many changes have been made in various committees. New members with new ideas have joined. This shall be visible in the method of functioning of the organization. There have been many transformations in our social lives in the last few years. The arrival of computer and internet have brought about many changes in our day to day life too.

According to experts our lives are going to be transformed radically in the upcoming decade. By introduction of Artificial Intelligence many changes will be visible in clerical jobs, in Banking and the Service industries. Our Education system shall also need to evolve accordingly.

The Social Upliftment Committee of Shree Patan Jain Mandal has organized a seminar on Sunday 10th June 2018, at Bhayander. The seminar shall be based on "Useful Ideas for managing increasing expenses of our families in the future". Limited number of members have been invited for this seminar. Members from the age group of 20-50 years can participate in the event. I appeal to the young men and women of Patan community to participate in this seminar to understand and discuss the financial challenges of the future.

Transformations are taking place in various services and businesses. Our youth needs to be ready for the same. With changing services, industry and business, educated persons are capable to change their approach in the new challenging circumstances. In the future, under Educated persons shall find it difficult to adjust to changing scenarios. Today's industrial environment is also changing and this is not limited to our country alone. The fast changing environment is causing



**પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)**

પડતી હોય છે, હાલમાં ઔદ્યોગિક વાતાવરણ બદલાઈ રહ્યું છે, ઝડપથી બદલાતી પરિસ્થિતિઓને કારણે સમસ્ત વિશ્વમાં આ ફેરફારો આવી રહ્યા છે. ભાયંદર ખાતેની આ સેમીનારમાં સમાજના યુવક-યુવતીઓ ઉત્સાહપૂર્વક ભાગ લેશે તેવી હું આશા રાખું છું.

**તા. ૧૭-૦૬-૨૦૧૮ના દિને આપણે એક મનોરંજક મ્યુઝિકલ કાર્યક્રમનું આયોજન કરેલ છે.** કાર્યક્રમ બાદ સુરુચી ભોજનની વ્યવસ્થા રાખેલ છે. આ સ્નેહમિલનમાં પાટણના પરિવારો ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવે એજ અપેક્ષા.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

**From President's Desk...(Cont. from Page 1)**

changes in the entire world. I sincerely hope that the youth shall participate in the seminar organized at Bhayander with great enthusiasm.

**On Sunday, 17th June 2018, musical event has been organized by Programme Committee.** With the view to encourage bonding between members. The Program is designed to entertain members of all age group young as well as seniors. I expect members to participate in this event and make it grand success.

❑ **Dinesh Shantilal Shah**



## અભિનંદન

વસાવાડાના હાલ પાટણ સ્થિત ડૉ. ભારતીબેન તથા ડૉ. સુભાષભાઈ જમનાદાસ શાહના સુપુત્ર **ડૉ વિરલે (M.S. Gen Surgeon )CMC** લુધીયાણા કૉલેજના સુપર સ્પેશિયાલીટી વિભાગમાંથી ટ્રેનીંગ લઈને DNB (Urology) માં ઉત્તીર્ણ થઈ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે અને પરિવાર અને સમાજનું ગૌરવ વધારેલ છે તે બદલ અભિનંદન.

**ડૉ. વિરલ** તબીબી ક્ષેત્રે નવા નવા સફળતાના શિખરો સર કરે તેવી શુભકામના.

## હિન્દી વિદ્યાભવન સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા પાટણ જૈન મંડળ માર્ગનું સુશોભીકરણ

વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિનો શિક્ષકો દ્વારા સદ્ઉપયોગ કરવામાં આવે ત્યારે દ્રષ્ટાંતરૂપ પરિણામો આવે છે. મરીનડ્રાઈવ ખાતે આવેલ હિન્દી વિદ્યાભવન સ્કુલ દ્વારા હાથ ધરાયેલ Patan Jain Mandal Marg Beautification Project અંતર્ગત તા. ૩૦-૪-૨૦૧૮ના શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા મરીનડ્રાઈવ સીટીઝન્સના બાળકો દ્વારા ''પાટણ જૈન મંડળ માર્ગ'' ખાતેના તમામ દસ બિલ્ડીંગોની કંપાઉન્ડ વોલનું સુશોભીકરણ કરવામાં આવેલ છે. જેની આછેરી ઝલક રજુ કરતાં કેટલાંક દ્રશ્યો.

હિન્દી વિદ્યાભવન સ્કુલના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા આ વિસ્તારના કાર્યકરોને ઉપર્યુક્ત કાર્યબદલ અભિનંદન...












ફુટઓવર બ્રીજને શણગારતા હિન્દી વિદ્યાભવન સ્કુલના વિદ્યાર્થીઓ

## શ્રી પાટણ જૈન મંડળ

### સમાજ ઉત્કર્ષ સમિતિ આયોજીત

# સ્વાવલંબન લક્ષી સંમેલન

- શું તમારી પાસે Talent છે પણ Oppourt-unity નથી ?
- શું આજના મોંઘવારીના યુગમાં આર્થિક પ્રગતિના પંથે પગલા પાડવા આપ પુરુષાર્થ કરી રહ્યા છો ?
- શું તમારી પાસે આવડત છે પણ ઓળખાણ નથી ?
- શું તમારી પાસે ભણતર છે પણ હાથ પકડનારની કમી છે ?

જો આ સવાલો તમને Touch કરતા હોય તો આપ જરૂરથી શ્રી પાટણ જૈન મંડળની સમાજ ઉત્કર્ષ સમિતિ દ્વારા યોજાયેલ સંમેલનમાં જરૂરથી હાજર રહેશો.

આ સંમેલનમાં બોરીવલીથી વિરાર સુધીમાં રહેતા સમાજના ૨૦વર્ષ થી ૫૦ વર્ષ સુધીના ભાઈઓ અને બહેનો ભાગ લઈ શકશે.

**દિનાંક :** રવિવાર, તા. ૧૦-૬-૨૦૧૮

**સમય :** સવારે ૯.૪૫ થી ૧.૦૦

**સ્થળ :** હોટલ વેજ સાગર પાર્ટી હોલ
૧૫૦ ફીટ રોડ, ફ્લાઈ ઓવર બ્રીજ પાસે, ભાયંદર(વે)

આ સંમેલનનો ઉદ્દેશ બદલાતા સંજોગોમાં પાટણ સમાજનું જીવન ધોરણ સુધારવા તેમજ યુવક-યુવતીઓ માટે ઉદ્યમ દ્વારા આવક વધારવાના ઉપાયો માટે, ચર્ચા-વિચારણા સાથે, માર્ગદર્શન માટેનો રહેલ છે.

**આ સંમેલનમાં મર્યાદિત સંખ્યામાં જ પ્રવેશ આપવામાં આવશે.** કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવશે. જેમા ઉપસ્થિત મંડળના હોદ્દેદારો પાસેથી સ્વવલંબન અંગે તેમજ આર્થિક ઉત્કર્ષ વિશે વ્યક્તિગત માર્ગદર્શન મળશે.

| પ્રવેશ પાસ મેળવવા તથા વધુ વિગત માટે સંપર્ક | |
|---|---|
| શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ | 9321150160 |
| શ્રી દેવાંગભાઈ અશોકભાઈ શાહ | 9987189535 |
| શ્રી જીજ્ઞેશભાઈ ગીરીશભાઈ શાહ | 9820280327 |
| શ્રી નિલેશભાઈ રમેશભાઈ શાહ | 9820200523 |

**નોંધ : કાર્યક્રમ બાદ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.**


## લગ્ન સંબંધી

| | |
|---|---|
| નામ | : નુપુર પ્રજ્ઞેશ રમેશચંદ્ર શાહ |
| જન્મ | : ૦૧-૦૭-૧૯૯૩(ઈન્દોર), ઉંચાઈ : ૫ ફુટ વજન:૪૨, વર્ણ:Fair |
| અભ્યાસ | : B.Pharma, M.Sc (Cosmetic Technology) Gold Medalist |
| Job | : R.& D Office (Nevia India Ltd (Mumbai) |
| મોહલ્લો | : મલ્લાતનો પાડો |
| સરનામુ | : ૨૦-બી, બસન્ત વિહાર કોલોની, વિજય નગર, ઈન્દોર (મ.પ્ર) |
| ફોન | : 9981054511, 8889912322 |

ADVT





## યાત્રા-પ્રવાસ – વિજ્ઞપ્તિ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા લગભગ ૧૫ વર્ષ અગાઉ સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના મુરબ્બી ભાઈ-બહેનો માટે **'જીવન સૌરભ'** નામનું એક અલાયદુ ફોરમ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

આ ફોરમનો ઉદ્દેશ સમાજના સિનિયર સિટિઝનો એકમેકને મળે, તેના જુના સંસ્મરણો વાગોળે અને આનંદમય જીવન વ્યતિત કરવા માટેનું એક નિમિત્ત મેળવે તેવો રહેલો છે.

**'જીવન સૌરભ'** દ્વારા પાટણ ગૌરવ ગાથા મનોરંજન કાર્યક્રમોની સાથોસાથ બહારગામના તીર્થ સ્થળોની યાત્રા પ્રવાસોના પણ આયોજન કરવામાં આવે છે.

- ૨૦૦૪ ટીકુજીની વાડી
- ૨૦૦૫ શિરસાડ - તલાસરી
- ૨૦૦૬ નાગેશ્વર તીર્થ
- ૨૦૦૭ આબુ-દેલવાડા-પાવાપુરી
- ૨૦૦૯ મોહન ખેડા
- ૨૦૧૨ શાહપુર - ધર્મચક્ર
- ૨૦૧૪ ગીરનાર તીર્થ
- ૨૦૧૬ જીવદયાધામ-લોઢાધામ

આ સર્વે યાત્રા-પ્રવાસો સમાજના વિવિધ દાતાઓ દ્વારા અપાયેલ આર્થિક સહયોગના પરિણામે જ સફળતાને વરે છે. તે બદલ સર્વે દાતાઓ પ્રતિ આભારભાવ વ્યક્ત કરવામાં આવેલ છે. આ સઘળા આયોજનોમાં સમાજના દરેક વર્ગના મુરબ્બી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર જોડાઈ મંડળને પ્રોત્સાહન પુરૂ પાડે છે.

ચાલુ સાલે લગભગ માહે જાન્યુઆરી -૨૦૧૯ દરમ્યાન **'મણીલક્ષ્મી'** તીર્થ તથા ખંભાતના પ્રાચીન અને ઐતિહાસિક તીર્થની બે દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન વિચારણા હેઠળ છે, જેમાં અંદાજીત ૪૦૦ થી ૪૫૦ ભાઈ-બહેનોનો સમાવેશ કરવામાં આવશે. વધુ વિગત માટે હવે પછીના પ્રતિબિંબ વાંચવા વિનંતી.

**આ યાત્રા પ્રવાસનો અંદાજીત રૂા. ૧૫ લાખ ખર્ચ થવા સંભવ છે, તે માટે સમાજના દિલાવર દાનવીરોને ''સ્પોન્સરશીપ'' લેવા વિનંતી કરવામાં આવે છે.**

**વધુ વિગત માટે સંપર્ક**

ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ - ૯૯૮૭૬૮૨૫૫૧
માનદ્‌મંત્રી શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ - ૯૩૨૩૭૪૨૭૮૯
માનદ્‌મંત્રી શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ - ૯૮૩૩૧૧૬૨૬૨
માનદ્‌મંત્રી શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ- ૯૩૨૨૨૧૪૧૯૭
સહમંત્રી શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ - ૯૮૨૦૦૪૫૫૯૫

# શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

## શ્રી પ્રવિણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો) પબ્લિક હેલ્થકેર સેન્ટર

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા માંદગી સમયે દરદીની માવજત માટે ઉપયોગમાં આવતા સાધનો જેવા કે, નેબુલાઈઝર, સક્શન પંપ, એર બેડ, હોસ્પિટલ બેડ, વ્હીલ ચેર, ઓક્સીજન સિલીન્ડર, ઓક્સીજન મશીન, ઓર્ડીનરી બેડ, વોકર, કોમોડ ચેર, સલાઈન સ્ટેન્ડ, બેકરેસ્ટ, ક્રચીસ, વોકીંગ સ્ટીક, બેડપેન, યુરીન પોટ સહીંતના વૈદકીય સારવારના સાધનો નીચે જણાવેલ સ્થળો ખાતેથી માત્ર ડિપોઝીટની રકમ આપી મેળવી શકાય છે. આ પ્રવૃત્તિ કોઈપણ નાત-જાતના ભેદભાવ વિના સાર્વજનિક ધોરણે ચલાવવામાં આવે છે. જેનો પ્રતિવર્ષ ઘણા સદસ્યો લાભ લઈ રહ્યા છે. સાધનો લેવા માટે ડૉક્ટરની ભલામણ ચિઠ્ઠી તથા આધારકાર્ડની ઝેરોક્ષ રજુ કરવાની હોય છે.



### હેલ્થકેર સેન્ટરના સ્થળો



(૧) ૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
ફોનઃ ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮ સમય : ૧૦.૩૦ થી ૧.૩૦-૨.૦૦ થી ૬.૦૦



(૨) રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.
ફોન : ૨૮૭૭૬૦૯૦ સમય : ૯.૩૦ થી ૧૨.૩૦ - ૪.૦૦ થી ૭.૦૦

(૩) એ-૨૩/૧૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮.
ફોન : ૨૮૯૧૧૩૦૮ સમય : ૯.૩૦ થી ૧૨.૩૦ - ૩.૩૦ થી ૬.૩૦

### શ્રી તુષાર પ્રવીણચંદ્ર શાહ હેલ્થકેર સેન્ટર (વર્ધમાન સંસ્કાર મેડીકલ સેન્ટર)

વિનય નગર, પ્લેઝન્ટ પાર્ક બસ સ્ટોપની પાછળ, મીરા ભાયંદર રોડ, મીરારોડ (ઈ),
ફોનઃ ૨૮૧૩૩૫૪૨, ૨૮૧૩૩૫૬૨, ૨૮૧૩૩૫૮૨











સને ૨૦૧૭-૧૮ના વર્ષ તેમજ એપ્રિલ - ૧૮ દરમ્યાન નીચે જણાવેલ મુખ્ય સાધનોના વપરાશનો લાભ લેનારાઓની સંખ્યા જણાવવામાં આવેલ છે.

| | Oxyzen Machine | Oxyzen Cylendar | Hospital Bed | Suction Pump | Nebuliser | Walker | Comod Chair | Wheel Chair | Ordinery Bed | Other | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **2017-18** | | | | | | | | | | | |
| • Marine Drive | 73 | 97 | 175 | 51 | 32 | 165 | 125 | 136 | 33 | 47 | 934 |
| • Goregaon | 37 | 23 | 134 | 20 | 15 | 162 | 61 | 85 | 48 | 66 | 651 |
| • Borivali | 1 | 22 | 43 | 2 | 2 | 93 | 51 | 36 | 37 | 8 | 295 |
| | **111** | **142** | **352** | **73** | **49** | **420** | **237** | **257** | **118** | **121** | **1880** |
| **April-2018** | | | | | | | | | | | |
| • Marine Drive | 7 | 5 | 14 | 5 | 1 | 20 | 17 | 14 | 6 | 3 | 92 |
| • Goregaon | 0 | 0 | 18 | 0 | 0 | 20 | 5 | 10 | 5 | 3 | 61 |
| • Borivali | 0 | 0 | 4 | 0 | 1 | 8 | 6 | 2 | 2 | 4 | 27 |
| | **7** | **5** | **36** | **5** | **2** | **48** | **28** | **26** | **13** | **10** | **180** |


## મકાન વેચવાનું છે

પાટણ ખાતે ૩ BHK, ફૂલ ફર્નીશ્ડ સાથે ફ્લેટ વેચવાનો છે,
૧૦૫૦ સ્કે.ફૂટ, સ્ટેશન રોડ, નવી જનતા હોસ્પિટલની બાજુમાં,
ખુશબુ એપાર્ટમેન્ટ, દેરાસર નજીક, ૪ થે માળે, લિફ્ટ વાળુ મકાન છે.
CC ટીવી કેમેરા અને ૨૪ કલાક પાણીની સુવિધા.
Clear Single Title, Negotiable Rate.

ADVT

:: સંપર્ક ::

રાજીવભાઈ શાહ : 9821230478 • 9222111223

## મકાન વેચવાનું છે

સુમતિલાલ ઉત્તમચંદ લહેરચંદ
મારફતિયા મહેતાનો પાડો, ગોળશેરી પાટણ, ઉ. ગુજરાત.. મહોલ્લાનું
પહેલુ મકાન, રોડ સાઈડની દુકાન સાથે બે દરવાજા થાય તેવું.
૯૦ વારની જગ્યા, ૮ રૂમ, પેસેજ, કીચન, દુકાન, ટેરેશ, બે માળનું
બાંધકામ રહેવાલાયક જગ્યા છે.

ADVT

:: સંપર્ક ::

અજય (સુરત) 9427920944 • વિપુલ (પાટણ) 9879381459

## તંત્રી સ્થાનેથી...

# માતૃ તર્પણ – Mother's Day

## ભર રણમાં છાંયડો આપે તે 'મા' !

'મા' શબ્દ આવે એટલે જાણે દુનિયાભરનું વ્હાલ આપણી ફરતે વિંટળાઈ વળે, 'મા'ના હાથે ખાધેલો એક કોળીયો મેવા મિષ્ટાનથી ભરેલ ભાણા કરતા પણ અધિક મીઠડો લાગે... માટે જ કવિશ્રી સુરેનભાઈ ઠાકર (મેહુલ) દ્વારા લખાલેય હશે...

**મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે,**
**જનની ની જોડ સખી નહીં જડે રે લોલ...**
**ગંગાના નીર તો વધે ઘટે રે લોલ, સરખો એ પ્રેમનો પ્રવાહ રે**
**જનની ની જોડ સખી નહીં જડે રે લોલ....**

મે માસનો બીજો રવિવાર આવે એટલે વિશ્વભરમાં Mother's Day ની ઉમંગભેર ઉજવણી થાય છે. આ એક દિવસ પૂરતું 'મા' ઉપર ઓળઘોળ થઈ જવાય છે. પરંતુ નવ માસની પ્રસુતિ વેદના, નવજાત શિશુનો ઉછેર, સંસ્કાર સિંચન અને કેળવણી એમ કરતા કરતા આખી દુનિયાથી અલિપ્ત થઈ જતી આ જનેતા (મા) પણ એકજ દિવસ માટે તેના સંતાનો ઉપર હેત વર્ષાવે તે સંભવ છે ખરું !

આ 'મા' એટલે જ આપણું સમગ્ર અસ્તિત્વ, આ 'મા' વિના આ સંસાર સંભવ જ નથી. આજે જ્યારે ઠેર-ઠેર સંતાનો દ્વારા જનેતાની સતત અવહેલના થતી જણાય છે, ત્યારે રજુ છે એક માના આપેલ સંસ્કારોનો હૃદય સ્પર્શી દ્રષ્ટાંત.

એક મોટા શહેરની સિટી બસમાં એક માણસ ઉદાસ બેઠો હતો, કારણ કે આજે શેઠે એને બીજા દિવસથી કામ પર આવવાની ના પાડી દીધી હતી. એને થતું હતું કે હવે શું થશે ? હવે હું મારી ઘરડી માને દર મહિને રૂા. ૫૦૦/- મોકલતો હતો તે 'આ વખતે નહીં મોકલી શકાય' એવું લખેલું પોસ્ટકાર્ડ એણે પોતાના ખિસ્સાના પાકીટમાં રાખ્યું હતું. પરંતુ બપોરથી એ પોસ્ટ કરવાની એની હિંમત નહોતી ચાલતી.

વિચારોના વમળમાં ફસાયેલા અને ચિંતાના ચકરાવે ચડેલા મનને માંડ સંભાળતો એ પોતાનું સ્ટોપ આવતા બસમાંથી ઊતર્યો. પોતાની રહેવાની જગ્યા તરફ જતાં રસ્તામાં એને પોસ્ટનું લાલ ડબલું નજરે પડ્યું. એ સાથે જ એને માને લખેલ પોસ્ટકાર્ડ યાદ આવી ગયું. એને મનમાં થયું કે ભલે માને થોડું દુ:ખ થાય, પણ એને સાચી વાત જણાવવી તો જોઈએ જ, મન મક્કમ કરીને એને હિંમત ભેગી કરીને એણે પોતાનું પાકીટ કાઢવા ખિસ્સામાં હાથ નાખ્યો.

એ સાથે જ એ એક ઊંડા આઘાતમાં સરી ગયો. એનું ખિસ્સું કપાઈ ગયું હતું. પાકીટ તો ગયું પરંતુ એમાં રાખેલ ૧૫૦/- રૂપિયા અને માને લખેલ પોસ્ટકાર્ડ પણ એની સાથે જ ગયા હતા. ફૂટપાથની બાજુમાં આવેલી પાળી પર એ બેસી ગયો. એને થતું હતું કે માને પોસ્ટકાર્ડ તો ફરી લખી શકાશે પરંતુ ૧૫૦ રૂપિયા ગયા એનું શું ? જેની નોકરી જતી રહી હોય એના માટે ૧૫૦ રૂપિયા ૧૫૦૦ થી પણ વધારે હોય એ સમજી શકાય એ વાત છે. થોડીવાર પછી એ ઊભો થઈને પોતાની ખોલી તરફ ચાલ્યો. બેચાર દિવસ એ ખોલીમાંથી બહાર પણ ન નીકળ્યો.

પાંચ દિવસ પછી એની માએ મોકલેલું કવર એને મળ્યું. એનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. એને થયું જરૂર માએ પૈસા મંગાવ્યા હશે. મૂંઝાતા મને એણે કવર ખોલ્યું. ગામના ટપાલી પાસે માએ લખાવ્યું હતું, 'બેટા ! ભલે પૈસા કમાવવા માટે તું શહેરથી દૂર ગયેલ છે પણ મે આપેલ સંસ્કારોની સુવાસને પરિણામે તારું મોકલાવેલ રૂા. ૫૦૦/- નું મનીઓર્ડર મને નિયમિત મળી જાય છે બેટા ! ક્યારેય તું પૈસા મોકલવાની તારીખ ચૂકતો નથી ! ભગવાન તને ખૂબ જ સુખી રાખે. તારી તબિયતનો ખ્યાલ રાખજે, એ જ લિ. તારી મા !'

એ માણસને અત્યંત આશ્ચર્ય થયું એને થયું કે પોતે તો માને પૈસા નહોતા મોકલ્યા તો પછી એને એ મળ્યા કઈ રીતે ? એ ખૂબ મથ્યો પણ કોઈ કડી ન મળી તે ન જ મળી.

ચારેક દિવસ પછી એને એક પોસ્ટકાર્ડ મળ્યું. એના પર એકદમ ગડબડિયા અક્ષરે લખ્યું હતું, 'ભાઈ ! તારા પાકીટમાંથી ૧૫૦ રૂા. અને એક પોસ્ટકાર્ડ મળ્યા હતા. એમાં તમારા બન્નેના સરનામાં હતા. તારા ૧૫૦ રૂપિયામાં ૩૫૦ બીજા ઉમેરીને કુલ ૫૦૦ રૂા. મેં તારી માને મોકલી આપ્યા છે. **આપણો ધંધો ગમે તે હોય, પણ એને લીધે એક મા શું કામ ભૂખી રહે ? મા તો બધાની એક સરખી જ હોય ને ? એટલે તું આ મહિનાની ફિકર ના કરતો. તારું કામ મેં કરી દીધું છે. એ જ લિ. તારો ખિસ્સાકાતરું ભાઈ !'**

હર્ષના આસુંઓની ઝાખપ વચ્ચે એ માણસને હવે પોસ્ટકાર્ડના શબ્દો ઝાંખા દેખાતા હતા. આંખો બંધ કરીને એ ખાસ્સી વાર સુધી એમ જ બેઠો રહ્યો. આ કથા લખવાનું તાત્પર્ય માત્ર એટલું જ કે એક અજાણ્યો ખિસ્સાકાતરું ભાઈ પણ માની મમતાનો મર્મ સમજી દુ:ખિયારાને મદદરૂપ બની શકે છે તો Mother's Dayની ઉજવણી નિમિતે ૧૦૫ વર્ષ જૂની આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળને પગભર કરવાના કાર્યમાં આપણે કેમ પાછળ રહીએ. આપણી શક્તિ અનુસાર ચાલો ફુલ નહીં તો ફુલની પાંખડી પણ અર્પણ કરી અન્ય કુટુંબીજનોના થોડાક દુ:ખ હળવા કરવામાં નિમિત્ત બનીએ.

❑ **સંપાદક સમિતિ**


**DB'S FOOD COURT**

**Veg Roll** : Cheese Roll, Noodles, Paneer Cheese, Shezwan, Mayo Cheese & Chilly Cheese Roll.
**Pastas** : Red Pastas, White Pastas
**Sandwich** : Veg. Cheese, Chilly Cheese, Masala Toast, Samosa Toast, Chocolate, Samosa Cheese Toast.
**Garlic** : Garlic Bread, Chilly Garlic Bread, Mayo Garlic Bread, Garlic Bread, Veg Burger.
**Pastries** : Cup Cakes, Donuts, Choco Lava Cake, Chocolate Lolipop

**PARTY ORDERS UNDER TAKEN**
Cont.:
**Devang Zaveri : 9820186014**
**Chaitali Zaveri : 9820321513**
ADVT

# EFFECTS OF COLOURS ON HUMAN BODY & MIND...

As most of us know that colour is light and energy. Colour is visible because it reflects and bends through all kinds of particles, molecules and objects. Every colour has a different effect on human body and mind.

Thousand years ago, some countries began exploring colour and its healing capabilities. Egypt, Greece and China are known for their forays into colour healing and therapy. There is evidence of people attempting to use colour for healing and therapy for almost 2000 years. Numerous books being written about it, including Johann Wolfgang Goethe who studied the ***physiological effects of colour.***

As humans we have a physiological response to colour. Studies have shown that when we are in a red room our blood pressure and heart rate increases and body temperature goes up. Whereas if we are in a blue room our blood pressure drops, our heart beat slows down and body temperature decreases. So our bodies and mind respond to colour. We all know that blue indicates peacefulness and red means danger.

Colour therapy and healing *(also known as chromotherapy or light therapy)* is a type of holistic healing that uses the visible spectrum of light and colour to affect a person's mood and physical or mental health. Each colour falls into a specific frequency and vibration.

While it is common knowledge that light enters through our eyes, it's important to note that light can also enter through our skin. Given the unique frequencies and vibrations of various colours, it is believed that certain colours entering the body can activate hormones causing chemical reactions within the body, then influencing emotion and enabling the body to heal.

Colours are known to have an effect on people with brain disorders or people with emotional troubles. For example the colour green is used to relax people who are emotionally unbalanced. Yellow may be used to help people who might be suffering from depression.

Alternative therapies also believe that a person's aura contains different layers of light which can be used for cleansing and balancing. Knowing the colours in your aura can help you better understand your spirit and thus help you better understand how to heal.

A system of alternative medicine in which colours and their energy frequencies are used to correct psychological or physical imbalances, also called *chromopathy, chromotheraphy, colour healing.*

Colours are known to influence behavior and brain of people. ***Colours can heal disorders generated out of stress.*** Every colour has a different effect on human mind. For instance, rainbow generates healing effect in human mind and helps in relieving stress.

Practitioners of ayurvedic medicine believe the body has **seven "chakras".** *Seven colours of rainbow are related with seven chakras of the body,* these chakras are energy centers of the body. Seven colours of rainbow thus resonate with chakras of the body. According to this view, the chakras can become imbalanced and result in physical diseases, but application of the appropriate colour can allegedly correct such imbalances. Energy of all chakras of the body must be balanced for smooth functioning of the body. **Colours help in creating this balance of chakras thereby providing good health and healing effect.**

**Top most chakra's colour is violet.** It is located at the head top. Violet colour is used by therapists for curing spleen and lymphatic system. **Second chakra's colour is Indigo.** It is located in the lower half of forehead. This colour is effective for curing eye, ear, nose and mental disorders. **Third chakra's colour is blue.** It is located at throat. It helps in relief from headache, muscle cramps, migraine, stomach pain etc. **Fourth chakra's colour is green.** It is located in heart. Green colour is used for curing cough, inflammation of joints, eye disorders, diabetes. **Fifth chakra's colour is Yellow.** It is located just above the belly button. Yellow colour helps in treatment of disorders of glands, metabolism and nervous system. **Sixth chakra's colour is Orange.** It is located at pelvis. Orange colour is effective in treatment of depression, mental disorders, pessimism, loss of appetite and stomach cramps etc. **Seventh chakra's colour is red.** It is located at the bottom of spine. Red colour is used for treatment of anaemia, skin disorders, asthma and chronic coughs.

A chromotherapist uses colours and light for curing various disorders by applying these at acupoints and other parts of body. *The most common tools used for colour application are candles, coloured fabrics, coloured glasses, lenses and gemstones.* Colours have positive as well as negative effects on body, therefore before using colours for their positive effects one must ascertain the right amount is used.

The colour therapy session and the shades of colours used also will vary depending on the type of ailment that is being correct. For example, blue and purple lights are anti-inflammatory and calming. Green helps to purify and cleanse while yellow light stimulates the lymphatic system.

Cornell Medical Center has studied the viability of using colour therapy to treat lung cancer. Researchers used an endoscope to examine the lungs of patients and their findings revealed that different coloured light filters affected the cells in various ways.

Additionally, the colours surrounding can also have various effects. Happiness and success is what we all seek in our life. According to colour therapy, the wall

colour of our house can affect our mental well being and mood. Here are a few tips to choose the right colours according to Numerology and Vastu.

According to Numerology, one should only choose colours, which belong to their favourable planets or which represent their luck / life path number. One can finalise by choosing a common colour among the favourable colours while also keeping in mind the Vastu suggested colours for different directions.

For instance, the direction North is governed by the planet Budh (Mercury), which represents number 5. It is governed by the colour green, thus the walls facing North should be painted green.

The East direction is governed by the Sun. It represents number 1 and governs orange colour. Thus walls or curtains in the East direction of house should be painted orange or red.

South is governed by Mangal (Mars), which represents number 9. The colour associated with Mars is red. So the southern walls in house should be painted orange or red.

West is governed by Shani (Saturn). Shani represents number 8 and the colour associated with it is black or grey. Thus, the western walls should be painted grey.

Colours are connected with our feelings and emotions, they have impact on our sense of well-being, we use colours as a way of self-expression, Colours affect our way of perception. Different colours evoke different feelings, memories and emotions.

So folks incorporates colour that connects with the space and surrounding environment and select colour which bring a positive feeling from their splash and can continuously bring a joyous healing energy into your home.

View's of ❑ **VIRAL NARENDRA JHAVERI**

## કક્કો - બારાખડી

**ક** - કંચન, કામિની ને કાયા - એ ત્રણેય સંસારની માયા
**ખ** - ખાતા, ખર્ચતા ને ખિજાતા શક્તિનો વિચાર કરજો
**ગ** - ગદ્ધો, ગમાર ને ગરજુ એ ત્રણે સરખા સમજુ
**ઘ** - ઘર, ઘરેણાં ને ઘરવાળી, એમાં જિંદગી આખી બાળી
**ચ** - ચોરી, ચુગલી ને ચાડી, એ ત્રણેય દુર્ગતિની ખાડી
**છ** - છોરૂની ભૂલ છાવરશો તો લોહીના આંસુ સારશો
**જ** - જાગ્યા તેનો જશ ગવાશે, ઊંઘ આવી તેનો ભવ ભટકારો
**ઝ** - ઝાઝું દ્રવ્ય, સત્તા ને જવાની, એ ફેલને માર્ગે લઈ જવાની
**ટ** - ટોળ, ટપ્પા ને ટીખળ કરે, એ પુણ્ય બાળે ને પાપ ભરે
**ઠ** - ઠાઠ, ઠઠારો ને ઠકુરાઈ, એમાં અભિમાન ને અક્કડાઈ
**ડ** - ડાહ્યો જગતમાં એને ગણ્યો, જે નિજ નામને ભણ્યો
**ઢ** - ઢોલ ને નગારા એમ ઉચરે છે, ભજન કરો ભાઈ કાળ ફરે છે.
**ત** - તૃષ્ણાથી તરસ તો તાવ-સંતોષની ગોળીથી જાય.
**થ** - થોડું કરો પણ સતત કરો, સત્‌ભક્તિ માર્ગે ગતિ કરો.
**દ** - દમી, દયાળુ ને દાતા, તે પામે સુખ ને શાતા
**ધ** - ધર્મ ધ્યાનમાં મગ્ન રહે, એ અમરધામની પદવી લે.
**ન** - નિયમ, ન્યાય ને નીતિ જેને મળે, સુખની ચાવી તેને
**પ** - પંચવિષયને તજો તમામ, હરિ ભજો પામો અમરધામ
**ફ** - ફરી ફરીને ફરવું નથી, ભવસાગરમાં પડવું નથી
**બ** - બાવળ, બોરડીને બાયડી, એ શસ્ત્ર વગરની શાયડી
**ભ** - ભગવંત મૂકી ભોગમાં રમે, તે તો લાખ ચોરાશી ભમે
**મ** - મોહ, માયા ને મમતા - એમાં રમે નહીં તો ડાહ્યો.
**ય** - યમ, નિયમને ઉર ધરજો, સદાય પરમ સુખને વરજો
**ર** - રહેવું ઘરમાં જેમ મહેમાન, નહીં આસક્તિ મમતા, માન
**લ** - લક્ષ્મી, લાડી ને લોભ, એ પરભવ મુકાવે પોક
**વ** - વિનય, વિવેક, વૈરાગ્ય ધરો; બ્રહ્મસ્વરૂપમાં પ્રીત કરો
**શ** - સાધક ગુણ શણગાર ધરે, તેને અમરધામ વરે.
**સ** - સંસાર સાગર ખારો છે, સત્સંગ મીઠો આરો છે
**ષ** - ષડક્ષરો છે શ્રીમદ્‌નારાયણ, મહામંત્ર છે ભવ તારાયણ
**હ** - હરિને ભજતા પાપ ટળે, અંતે અમરધામ મળે
**ક્ષ** - ક્ષમા શસ્ત્રને ધારણ કરે, એને ઈન્દ્રિય વિજય વરે
**જ્ઞ** - જ્ઞાન એ જ જે વર્તન હોય, પરમ બ્રહ્મનું સ્વરૂપ સોય


**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા** Pan No. : AAATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોન: ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)**

**જીવદયા! જીવદયા!! જીવદયા!!!**

તા. ૧૫-૭-૧૭ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૩૧૩૫

**પર્યુષણ આવ્યા અને આરાધનાનો ઉજ્જવળ પર્વ લાવ્યા.**
**દાન-ધર્મ, પૂણ્ય કરવા કમાવવાના મૌસમ લાવ્યા.**
**મુંગા અબોલ પશુઓનાં મુક આશિષ મેળવવાનો અમુલ્ય અવસર લાવ્યા.**
**તો ચાલો ફૂલ નહીં તો ફુલની પાંખડી પણ અર્પણ કરી અને આપણું કર્તવ્ય બજાવીએ.**

**લાખ દુ:ખોની એક દવા હ્રદયથી કરો ગૌ સેવા**

| જીવદયા માટેની વિવિધ યોજનાઓ | |
|---|---|
| કાયમી શેડ ફંડ રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ રૂા. ૫૧૦૦૦ |
| લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે. | |
| કાયમી નિભાવ ફંડ રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી રૂા. ૪૧૦૦૦ |
| લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે. | |

સંપર્ક : **શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩
**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮
**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

advt

# સેલ્ફ યુનિવર્સિટીમાં, એડમિશન લીધું છે ?

એક કોલેજનાં પ્રોફેસર સાંજના સમયે ચા ના કપ સાથે પોતાનાં સ્ટડી રૂમમાં એક પેપર તપાસી રહયા હતા.બાજુમાં ટેબલ પર રેડિયોમાં લતા મંગેશકરનાં કોકિલ કંઠે ગવાતું ગીત પ્રોફેસર ધ્યાનથી સાંભળી રહયા હતા. મનમાં કંઇક વિચારો પણ ચાલતાં હતાં ગીતનાં શબ્દો હતા...

**તોરા મન દર્પણ કહેલાયે...**
**મન હી દેવતા, મન હી ઈશ્વર, મન સે બડા ન કોઇ,**
**જગ સે ચાહે ભાગ લે કોઇ, મન સે ભાગ ન પાયે......**

એ જ સમયે એમનો એક વિદ્યાર્થી ત્યાં આવી પહોંચ્યો, દરવાજે ઊભા રહી ટકોરો મારતાં અંદર પ્રવેશવાની પરવાનગી માંગી. પ્રોફેસરનાં હાથમાં એક પેપર જોયુ. લાલ પેન જોઈ અને પેપર ઉપર **''સેલ્ફ યુનિવર્સિટીનું આત્મનિરીક્ષણ''** શિર્ષક વાચ્યું. આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. ભારે જિજ્ઞાસા સાથે પ્રોફેસર પાસેથી તે પેપર જોવા માંગ્યુ. પ્રોફેસરે તેને ના પાડતા કહયું, આ તારા કામનું નથી, આ તો મારી પોતાની અંગત યુનિવર્સિટીનું પેપર છે. હું રોજ સાંજના એક પ્રશ્ન પેપર તૈયાર કરૂ છું અને તેનાં યોગ્ય સાચા ઉત્તરો લખીને માર્કસ આપુ છું. લગભગ અત્યાર સુધીમાં ૮૦ પેપર્સ ભર્યા છે. હજુ ૨૦ ભરવાના બાકી છે. વિદ્યાર્થી તો ભારે અચંબામાં પડી ગયો. થોડોક વિમાસણમાં મૂકાઇ ગયો. નમ્રતાપૂર્વક વિસ્તારથી સ્પષ્ટતા કરવા પ્રોફેસરને વિનંતી કરી.

પ્રોફેસરે ખુબ જ શાંતિથી વિદ્યાર્થીને સમજાવતાં કહયું; હું રોજ સાંજનાં ઘરે આવીને મનોમંથન કરૂ છુ. આ પેપરમાં મારાં પ્રશ્નનાં જવાબ સાચાં નૈતિકતાથી અને પ્રમાણિકતાથી શોધીને જવાબ લખું છુ. હું જિંદગીમાં કેટલું હાર્યો છુ અને કેટલું જીત્યો છું. તેનું મૂલ્યાંકન કરવું મારી જાત માટે બહુ જ અઘરૂં છે. બીજાનું મૂલ્યાંકન સહેલાઇથી કરી લેતો માણસ પોતાની જાતને ઓળખતો નથી.. સ્વનાં મૂલ્યાંકનમાં બધાં સારાં ગુણો જ દેખાય છે, અને અન્યનાં ગુણોની બાદબાકી કરે છે. તે પણ ઈર્ષ્યાથી. આખી જિંદગીની વાત બાજુએ રાખ, પણ દિવસ દરમ્યાન આપણી ધીરજ, સમતા, સહનશકિત, ઉદારતા, કે ક્ષમાભાવના અને આપણી ઝિંદાદીલીની કસોટી થતી હોય છે. તેમાં આપણે પાછાં પડીએ છીએ, પણ આપણી નજર તો હંમેશા કેવળ જીત તરફ જ રહે છે. જાણે કે આપણને બધું જ આવડે છે. જયાં જઈએ ત્યાં આપણી જીત જ હોય. હારનાં-પરાજયનાં લેખા-જોખા કરવાની આદત નથી. આનાં કારણે આપણી અંદર દંભ અને અહંકાર સ્થાન મેળવી ઘર કરી બેસી જાય છે.

